Introduction



## નિવેદન

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાંથી ૧૯૭૨માં એમ.એ.ની પરીક્ષામાં, સારા ગુણો સાથે, ઉત્તીર્ણ થવા બદલ જ્યારે મને સુવર્ણ-ચંદ્રક પ્રાપ્ત થયો, ત્યારે જ મેં પીએચ.ડી.ની પદવી પણ પ્રાપ્ત કરવાનો મનમાં સંકલ્પ કરેલો. વચગાળામાં કેટલાક વર્ષો શૈક્ષણિક ક્ષેત્રે સ્થિર થવામાં ગયાં, અને કેટલાક વર્ષો કૌટુંબિક મુશ્કેલીઓમાં ગયાં. કસોટીના આ કાળ દરમિયાન પણ મારા પૂર્વસંકલ્પનું બળ મોળું પડયું નહોતું. દરમિયાન મેં સંશોધન-વિવેચન માટે બે વિષયો વિચાર્યાં હતા. તે અંગે ઠીકઠીક વાંચ્યું પણ હતું. પરંતુ તેમાં હસ્તપ્રત-સામગ્રીની દુર્લભતા અને અપ્રાપ્યતાને કારણે આગળ વધી શકાયું નહોતું.

આ અંગે ડો.હર્ષદભાઇ ત્રિવેદી (પ્રાસન્નેય) અને ડો.સુભાષભાઇ દવે સાથે ચર્ચા-વિચારણા કરતાં, એ બંને સન્નિષ્ઠ પ્રાધ્યાપકોએ મને "'અનામી': વ્યક્તિ અને વાઙ્મય" એ વિષય અધ્યયન-સંશોધન માટે, પીએચ.ડી.ના મારા શોધપ્રબંધ માટે, સૂચવ્યો. મને આ વિષય ગમ્યો. ડો.અનામીનો હું વિદ્યાર્થી હતો. તેમની વિદ્યા--વિદ્યાર્થીપ્રીતિનો મને ગાઢ પરિચય હતો. હું તેમનું સાહિત્ય પણ રસપૂર્વક વાંચતો રહયો હતો. તેમની બહુવિધ સર્જકપ્રતિભાનો હું અનુરાગી હતો. કવિ, વાર્તાકાર, નાટયલેખક, નિબંધલેખક, જીવન-ચરિત્રકાર, સંપાદક, સંશોધક, પત્રલેખક તરીકેના તેમના વિવિધ પાસાંથી હું આકર્ષાયો હતો. એટલે, સ્વાભાવિક રીતે જ, "'અનામી': વ્યક્તિ અને વાઙ્મય" એ વિષય મને પીએચ.ડી.ની પદવી માટેના મારા શોધપ્રબંધ માટે ઘણો અનુકૂળ લાગ્યો. મેં તે વિશે વાંચવાનું, વિચારવાનું અને લખવાનું કામ શરૂ કર્યું. આ

કામમાં મને મારા વિદ્યાગુરુઓ ડો. હર્ષદભાઇ ત્રિવેદી (પ્રાસન્નેય) અને ડો. સુભાષભાઇ દવેની પ્રેરણા-પ્રોત્સાહન મળ્યાં. તે માટે હું તેમનો ઋણી છું.

'અનામી' ગુજરાતી કાવ્યસાહિત્યના ગાંધીયુગના એક ગણનાપાત્ર શિષ્ટ કવિ છે. ગાંધીયુગથી માંડી સ્વાતંત્ર્યોત્તરકાળ સુધી અને આજપર્યંત તેમનું સર્જનકાર્ય અવિરત ચાલુ રહ્યું છે. આયુષ્યના આઠમા દાયકામાં પણ તેમના કવિતાસર્જનનો પ્રવાહ આજેય સતત વહી રહ્યો છે. તેમની કવિતાની તાજગી અને આસ્વાદ્યતા આજેય અનુભવાય છે. તેમના છેલ્લા-નવમા કાવ્યસંગ્રહ 'આપણી વાત'ને પણ અનેક વિવેચકોએ પરિણતપ્રજ્ઞાનું પ્રાસાદિક ફળ ગણાવ્યું છે. આવી વસ્તુસ્થિતિ હોવા છતાં પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી, પ્રો. અનંતરાય મ. રાવળ, પ્રો. રમણલાલ જોશી, પ્રો. સુભાષ દવે જેવા કેટલાક ગણતર વિવેચકો સિવાય અન્ય વિવેચકોએ, ગમે તે કારણસર, તેમના સાહિત્યસર્જનની નોંધ લીધી નથી. સાહિત્યના વિવિધ ઇતિહાસોમાં પણ તેમના કાર્યની પર્યાપ્ત નોંધ લેવાઇ નથી ! આવી વિષમ પરિસ્થિતિએ મને અનામીના જીવન અને કવન વિશે અધ્યયન કરવાને પ્રેરણા આપી છે.

અનામીવિષયક મારા આ અધ્યયનમાં મને અનેક વિદ્વાનોનો, પ્રત્યક્ષ યા પરોક્ષ, સહયોગ પ્રાપ્ત થયો છે. મારા માર્ગદર્શક ડો. સુભાષ દવેનું યોગદાન તેમાં સૌથી વિશેષ છે. અધ્યયનનો વિષય સૂચવવાની સાથે તેમણે મને શોધપ્રબંધનું આવશ્યક માળખું પણ તૈયાર કરી આપ્યું છે. તેમની સાથે મેં વિષય અંગેની ચર્ચા-વિચારણા વખતોવખત કરી છે; અને તેમણે - શૈક્ષણિક અને વહીવટી અનેક કાર્યોમાં પોતે વ્યસ્ત હોવા છતાં - મને હંમેશા ઉમળકાથી ઉચિત

માર્ગદર્શન આપ્યું છે. તેમની સાથે કામ કરવામાં મને હમેશાં આનંદ મળ્યો છે; એટલું જ નહીં, શોધપ્રબંધલેખનમાં આવશ્યક વિશિષ્ટ શિસ્તની પ્રત્યક્ષ તાલીમ પણ મળી છે. તે માટે હું તેમનો અત્યંત ઋણી છું.

પ્રો. હર્ષદ ત્રિવેદી (પ્રાસન્નેય), પ્રો. જશવંત શેખડીવાળાની સાથે વિવેચ્ય વિષય અંગેની ચર્ચા-વિચારણાનો મને લાભ મળ્યો છે, એને હું મારું સદભાગ્ય સમજું છું. ડો. જોસેફ પરમારે પણ મને, ખાસ કરીને ગાંધીયુગીન નવલિકા સાહિત્ય અને ચરિત્રસાહિત્યની કેટલીક સામગ્રી ઉપલબ્ધ કરી આપી, સહાય કરી છે. તે માટે તેમનોય હું હાર્દિક આભાર માનું છું.

અનામીકૃત 'દાંત અને તેની સંભાળ' નામક પુસ્તક મને પ્રિ.શ્રી મોહનભાઇ પટેલે મેળવી આપ્યું હતું. તેમાં કેટલાક પાન ખૂટતાં હતાં:, તેમની ઝેરોક્ષ નકલો મને આચાર્યશ્રી યશવંત શુક્લે મોકલી આપી હતી. તે માટે હું આ બંને મહાનુભાવોનો આભારી છું. મહાનિબંધના લેખન માટે જરૂરી અનેક સંદર્ભગ્રંથો અને સામયિકો વાંચવાની સગવડ મને વડોદરાની હંસા મહેતા લાયબ્રેરીમાં અને અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ તથા ગૂજરાત વિદ્યાસભાના ગ્રંથાલયોમાં મળી હતી. તે માટે હું આ સંસ્થાઓના સહૃદય ગ્રંથપાલોનો પણ આભાર માનું છું.

મારા આ શોધપ્રબંધને અનુષંગે, કવિ અનામીની કેટલીક અપ્રાપ્ય કૃતિઓ માટે, જ્યારે પણ હું તેમની પાસે ગયો છું ત્યારે તેમણે મને તે દુર્લભ કૃતિઓ પરિશ્રમ લઇને પણ સુલભ કરી આપી છે. તેમનો હું અત્યંત ઋણી છું. તેમનો આભાર માનવા માટે મારી પાસે પૂરતા શબ્દો નથી.

મારા આ શોધપ્રબંધનું ટાઇપ-કામ નિષ્ઠાપૂર્વક, ચીવટથી તેમજ સમયસર કરી આપવા બદલ શ્રી ચીમનભાઇ કાછિયા અને શ્રીમતી પન્નાબહેન કાછિયાનો હું આભારી છું.

મારા ધર્મપત્ની સૌ. રમાની તો મને પ્રત્યક્ષ-પરોક્ષ સહાય હરહંમેશ મળતી રહી છે. અનેક વિટંબણાઓમાંથી મુક્ત રાખી, શોધપ્રબંધ લખવામાં, મને તેમણે સંપૂર્ણ નચિંત રાખ્યો છે. તેમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. મારા પુત્ર ચિ. વિપુલ અને પુત્રી ચિ. પૂર્વીએ પણ મને મારા અધ્યયન અને લેખનમાં અનેકવિધ વ્યાવહારિક સહાય કરી છે. તેમને પણ હું અહીં વાત્સલ્યપૂર્વક સ્મરું છું.

"'અનામી': વ્યક્તિ અને વાઙ્મય" નામક મારો આ શોધપ્રબંધ સાહિત્યના અભ્યાસીઓને કંઇકેય સંતોષ આપી શકશે, તો મારો શ્રમ લેખે લાગશે.

વડોદરા, ગોવિંદ ચુ. કાછિયા

તા.૧૯-૪-૧૯૯૫

## મૌલિક અભ્યાસ અને સંશોધનનું આવેદન

(Statement of Research)

કવિ-ચિંતક એલિયટે એમના પ્રખ્યાત નિબંધ 'Tradition and an individual talent' (પરંપરા અને વૈયક્તિક પ્રતિભા)માં સાહિત્યના યુગ ઘડતર વિષે કંઇક આ મતલબનું સૂચવ્યું છે કે કોઇ એક યુગનો ભાર એ યુગના અગ્રણી સર્જકોની સાથોસાથ અન્ય હરોળના સર્જકો પણ પોતાને ખભે લઇને ચાલ્યા હોય છે. યુગને યુગ તરીકે આકારવાના પુરુષાર્થમાં દ્વિતીય હરોળના ગણી શકાય એવા સર્જકોનોય ફાળો નાનોસૂનો હોતો નથી. પ્રમુખ સર્જકોના અભ્યાસની સાથે, પૂરા યુગને એના પૂર્ણ પરિપ્રેક્ષ્યમાં આકલિત કરવા માટે દ્વિતીય હરોળનાય નોંધપાત્ર સર્જકોના વ્યવસ્થિત, સર્વગ્રાહી અભ્યાસનો ઉપક્રમ થવો જોઇએ.

સુંદરમ-ઉમાશંકર જેવા ગાંધીયુગના મુખ્ય મુખ્ય સર્જકોનો અભ્યાસ થયો છે; પરંતુ અંતરાલના, ડો.જયંત પાઠક અને ઉશનસ્ સિવાયનાઓનો અભ્યાસ થવો હજી બાકી છે! ગુજરાતી સાહિત્યની ઇતિહાસની ખૂટતી કડીઓ ઘણી છે. આ ખૂટતી કડીઓ આવા અભ્યાસ દ્વારા પૂરાય એવી મારી શ્રધ્ધા છે.

ડો. અનામી ગાંધીયુગના અંતરાલના એક સમર્થ અને સત્વશીલ કવિ છે. તેમનું કવિતાક્ષેત્રે થયેલું કાર્ય વિપુલ અને સુદીર્ઘ તવારીખ-વાળું છે. એમની કવિતાનું અધ્યયન કરતાં કરતાં, તે સાહિત્યના વિવિધ ક્ષેત્રોના તેમના અર્પણનો પણ મને પરિચય થયો અને લાગ્યું કે એમની સમગ્ર સાહિત્યપ્રવૃત્તિનું સંશોધનાત્મક દૃષ્ટિએ અધ્યયન થવું જોઇએ. એથી જ મેં મારા પીએચ.ડી.ના શોધપ્રબંધના વિષય તરીકે

" 'અનામી': વ્યક્તિ અને વાઙ્મય" એ વિષય પસંદ કર્યો છે. એમના જેવા સર્જકના પ્રદાનને મૂલવીને, એક યુગના સર્વગ્રાહી અભ્યાસની ઉણપને નિવારવાની દિશામાં યથાશક્તિ યોગદાન કરવાનો આ મહાનિબંધમાં મારો નમ્ર પ્રયાસ છે.

એલિયટના આ દૃષ્ટિબિન્દુથી પ્રેરાઇને ગાંધીયુગના કવિ અનામી ની સર્જન-ચિંતન-સંશોધન પ્રવૃત્તિનો સંશોધનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવાનો અહીં પ્રથમવાર ઉપક્રમ છે, એવું મારું નમ્ર નિવેદન છે.

કવિ અનામી ની કવિતા વિશે ગુજરાતી સાહિત્યના, આજસુધીના ઉપલબ્ધ ઇતિહાસ ગ્રંથોમાં નામોલ્લેખ સિવાય વિશેષ નોંધ લેવાઇ નથી. આ અર્થમાં તેઓ ઉપેક્ષિત રહ્યા છે. ગાંધીયુગના વિવેચક અનંતરાય રાવળે કવિ અનામી ના 'કાવ્યસંહિતા' (૧૯૩૮) અને 'રટણા' (૧૯૮૩)ની, વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'ચક્રવાક' (૧૯૪૭)ની, રમણલાલ જોશીએ 'પરિમલ' (૧૯૬૫)ની, સુભાષ દવેએ 'આપણી વાત' (૧૯૯૧)કાવ્યસંગ્રહની સમીક્ષા કરી છે. રમણલાલ જોશીએ 'શબ્દલોકના યાત્રીઓ' ભાગ-૧ (પૃ. ૨૭૦ થી ૨૭૪) માં કવિ અનામી ની સર્જક-વિવેચક પ્રવૃત્તિઓનો મિતાક્ષરી પરિચય આપ્યો છે. પ્રો. અનામી ની વ્યાવસાયિક નિવૃત્તિના પ્રસંગે સંભારણું (૧૯૭૭)માં તેમના સર્જક-સંપાદક-વિવેચક વ્યક્તિત્વની વિશિષ્ટ છબી આલેખાયેલી છે. આકાશવાણી, વડોદરા દ્વારા પ્રાયોજિત 'સ્મરણયાત્રા' (તા. ૧૨-૯-૯૦) કાર્યક્રમમાં અનામી ના જીવન-કવનને સૂક્ષ્મતાથી ઉપસાવતી મુલાકાત પ્રસારિત થયેલી છે. આ ઉપલબ્ધ સામગ્રી, તેમનું સમગ્ર સાહિત્ય (પ્રકાશિત-અપ્રકાશિત), તેમની રૂબરૂ લીધેલ મુલાકાતો વગેરેના અધ્યયન-પરિશીલનના ફળ સ્વરૂપે " 'અનામી': વ્યક્તિ અને વાઙ્મય"નો આ શોધપ્રબંધ પ્રથમવાર તૈયાર થયો છે.

કવિ સાથે અવારનવારની પ્રત્યક્ષ મુલાકાતો રચીને તેમના જીવન વિશેની ઉપલબ્ધ સામગ્રીને ચકાસી છે; અને તેના પ્રકાશમાં એમના જીવનના ઘડતરપરિબળો, એમનું વ્યક્તિત્વ, એમની જીવનનિષ્ઠા વગેરેનું અહીં પ્રથમવાર, સાધાર નિરૂપણ થયું છે.

અનામી નું વાઙ્મય બે રૂપમાં પ્રગટ થયું છે : ૧. સર્જનાત્મક વાઙ્મય અને ૨. સર્જનેતર વાઙ્મય. આ બંને રૂપોમાં કવિ અનામીનો પ્રથમ લગાવ છે સર્જનાત્મક વાઙ્મય પ્રતિ. એમના સમગ્ર સાહિત્યના તલસ્પર્શી અભ્યાસને અનુલક્ષી મારો આ નિષ્કર્ષ છે.

સર્જનાત્મક વાઙ્મયમાં કવિ અનામી ની કવિતા, વાર્તા અને નાટક સ્વરૂપની બાર કૃતિઓ પ્રસિધ્ધ થઇ છે. અહીં, પ્રથમવાર, આ બધી રચનાઓની કૃતિલક્ષી સમીક્ષાઓ કરવામાં આવી છે. તે ઉપરાંત, ગાંધીયુગીન ગુજરાતી સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં સર્જક અનામી ના પ્રદાનને તપાસવાનો પણ અહીં પ્રથમવાર પ્રયત્ન છે.

સર્જનેતર વાઙ્મય શીર્ષક હેઠળ કવિ અનામી લિખિત અગિયાર કૃતિઓની સમીક્ષાઓ પ્રસ્તુત કરી છે. વિવેચન-સંશોધન-સંપાદન, ચરિત્ર, શબ્દચિત્ર, નિબંધ જેવાં સાહિત્યિક રૂપોમાં કૃતિઓને વિભક્ત કરી, અહીં તેમનો સર્વાંગી અભ્યાસ રજૂ કર્યો છે. કૃતિઓની સમીક્ષાને અંતે અનામી નું તે તે ક્ષેત્રમાં કેવુંક વિશિષ્ટ પ્રદાન થયું છે, તેની પ્રથમવાર નોંધ લીધી છે. અનામી ના પ્રકાશિત પણ અગ્રંથસ્થ રહેલા સાહિત્યનો પણ અહીં પ્રથમવાર જ પરિચય કરાવ્યો છે.

શોધપ્રબંધના ઉપસંહાર માં અનામીની સાહિત્યકાર તરીકેની પ્રતિભાનું સમગ્રદર્શી મૂલ્યાંકન કર્યું છે. આમ, અનામીના

વ્યક્તિત્વ અને વાઙ્મયનો સર્વાંગી અભ્યાસ, પ્રથમવાર જ, અહીં રજૂ થયો છે, એવું મારું નમ્ર મંતવ્ય છે.

વડોદરા,
તા.૧૯-૪-૧૯૮૫

– ગોવિંદ ગુ. કાછિયા

## મહાનિબંધની રૂપરેખા (Synopsis)

સાહિત્યને અનુલક્ષી, અધ્યયન–સંશોધન કરતો વિદ્યાર્થી ઘણેભાગે સાહિત્ય–યુગ યા સાહિત્યસ્વરૂપ યા સાહિત્યવિચાર યા મુખ્ય મુખ્ય સાહિત્યકાર જેવા વિષયો અભ્યાસ માટે પસંદ કરે છે. જાણ્યે–અજાણ્યે ગૌણ લેખાયેલ સાહિત્યકારોના અભ્યાસ પ્રતિ દુર્લક્ષ સેવાય છે. પરંતુ ગૌણ યા દ્વિતીય હરોળના સાહિત્યકારોના સાહિત્યની પણ કેટલીક લાક્ષણિકતાઓ ઉલ્લેખનીય હોય છે; ઉપરાંત એમનું સાહિત્ય મુખ્ય સાહિત્યપ્રવાહોને પુષ્ટ કરનારું પણ હોય છે. એમના સાહિત્યનો અભ્યાસ એમની વિશેષતાઓ પર પ્રકાશ પાડે છે અને પરિણામે સમગ્ર સાહિત્યના ઇતિહાસને સળંગસૂત્રતા આપે છે; તેથી ઉપેક્ષિત સાહિત્યકારોની અને એમના સાહિત્યિક કાર્યની આવશ્યક નોંધ લેવાવી જોઈએ.

કવિ–ચિંતક એલિયટે એમના વિખ્યાત નિબંધ 'Traditiona and an individual talent' (પરંપરા અને વૈયક્તિક પ્રતિભા)માં સાહિત્યના યુગઘડતર વિષે કંઈક આ મતલબનું સૂચવ્યું છે કે કોઈ એક યુગનો ભાર એ યુગના અગ્રણી સર્જકોની સાથોસાથ અન્ય હરોળના સર્જકો પણ પોતાને ખભે લઈને ચાલ્યા હોય છે. યુગને યુગ તરીકે આકારવાના પુરુષાર્થમાં દ્વિતીય હરોળના ગણી શકાય એવા સર્જકોનોય ફાળો નાનોસૂનો હોતો નથી. યુગના ઘડતરને તેના પૂરા પરિપ્રેક્ષ્યમાં સમજવા માટે જેટલો તેના અગ્રયાયી સર્જકોનો અભ્યાસ મહત્ત્વનો છે તેટલો જ તેના દ્વિતીય હરોળનાય નોંધપાત્ર સર્જકોનો અભ્યાસ પણ જરૂરી છે. આ દૃષ્ટિએ મેં અનામી ના સમગ્રદર્શી અભ્યાસનો અહીં ઉપક્રમ રાખ્યો છે.

અનામી ગાંધીયુગીન કવિ છે; અને સ્વાતંત્ર્યોત્તરકાળમાં આજપર્યન્ત એમનું કવનકાર્ય અવિરત ચાલુ રહ્યું છે. તેઓ બહુમુખી પ્રતિભા ધરાવતા સાહિત્યકાર છે. તેઓ સારા કવિ હોવાની સાથે વાર્તાકાર, નાટ્યકાર, વિવેચક-સંશોધક-સંપાદક, ચરિત્રલેખક અને નિબંધકાર પણ છે. ઈ.સ. ૧૯૩૬માં અનામીનું પ્રથમ પ્રકાશન થયું - 'રણજિત-રત્નાવલિ ભાગ-૧', અને ઈ.સ. ૧૯૯૧માં એમનું છેલ્લુ પ્રકાશન થયું - 'આપણી વાત'. આમ, ૧૯૩૬ થી ૧૯૯૧સુધી, એટલે કે લગભગ સાડાપાંચ દાયકા સુધી, એમની લેખન-પ્રવૃત્તિ અવિરત ચાલુ રહી છે. આજે પણ તેઓ તાજગીસભર કાવ્યકૃતિઓનું સર્જન કરતા રહે છે. એમનું સાહિત્યસર્જન સંખ્યા, સત્ત્વ અને વૈવિધ્યમાં સમૃધ્ધ છે. તેનું વીગતવાર તેમ પર્યાપ્ત દર્શન કરાવવાનું મારા આ અભ્યાસનું લક્ષ્ય છે. એમના જેવા સર્જકોના પ્રદાનને યથાયોગ્ય રૂપમાં મૂલવીને, એક યુગના સર્વગ્રાહી અભ્યાસની ઊણપને નિવારવાનો આ મહાનિબંધ દ્વારા મારો નમ્ર પ્રયાસ છે.

તે માટે મેં અનામી વિષયક મારા આ મહાનિબંધને ચાર પ્રકરણોમાં વિભાજિત કર્યો છે :

<u>પ્રકરણ એક : 'અનામી' - વ્યક્તિવિશેષ</u>

પ્રકરણ એકમાં અનામીના વ્યક્તિત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ પ્રકરણમાં એમનું કેવળ જીવનચરિત્ર આલેખવાનો જ આશય રાખ્યો નથી; એમના જીવનના કેટલાક વિશિષ્ટ પ્રસંગો અને મર્મગામી અનુભવોએ એમના સર્જનમાં કેવો ને કેટલો ભાગ ભજવ્યો છે તે વીગતે નિરૂપવાનો ઉપક્રમ છે. એમના વ્યક્તિત્વ ઘડતરમાં કૌટુંબિક વારસો, સામાજિક વાતાવરણ અને રાજકીય પરિસ્થિતિએ પણ કેવોક ભાગ ભજવ્યો છે, તે પણ અહીં દર્શાવાયું છે. અનામીને

એમના વતનમાંથી અને એમના બહોળા સંયુક્ત કુટુંબમાંથી સાહિત્ય-સંસ્કારનું કેવું પોષણ-પાથેય પ્રાપ્ત થયું છે તેનું નિરૂપણ કર્યું છે. અને એમના માનસ, વ્યક્તિત્વ અને સંસ્કારઘડતરમાં એમના આદરણીય વિદ્યાગુરૂઓનો કેવો ફાળો રહયો છે તેની, તથા પ્રતિભા, વ્યુત્પત્તિ અને અભ્યાસ જેવા એમના સાહિત્યોદ્ભાવક હેતુઓનીય સમીક્ષા કરી છે.

અનામી વિદ્યા-વિદ્યાર્થીવત્સલ અધ્યાપક છે. અભ્યાસ અને પરિશીલન એમની પ્રિય પ્રવૃત્તિ છે. ગાંધીજીના વિચારો - આદર્શોથી તેઓ પ્રભાવિત છે. સાદુ સન્નિષ્ઠ જીવન અને ઉચ્ચ ઉમદા ચિંતન--વિચાર તેમના વ્યક્તિત્વના ધ્યાનપાત્ર લક્ષણો છે. આ બધી બાબતોની આ પ્રકરણમાં સવિસ્તાર, સદૃષ્ટાંત, વીગતવાર ચર્ચા થઈ છે.

<u>પ્રકરણ બે : સર્જનાત્મક વાઙ્મય</u>

બીજા પ્રકરણમાં સર્જક અનામીના સર્જનાત્મક સાહિત્ય - કવિતા, નવલિકા, નાટક - નો સમગ્રદર્શી, સવિસ્તાર, આલોચનાત્મક અભ્યાસ રજૂ કર્યો છે. અનામી સિધ્ધ કવિ છે. તેમણે નવ કાવ્યસંગ્રહો પ્રકાશિત કર્યા છે : 'કાવ્યસંહિતા' (૧૯૩૮), 'ચક્રવાક' (૧૯૪૭), 'સ્નેહશતક' (૧૯૫૭), 'સારસ' (૧૯૫૭), 'ત્રિવેણી' (૧૯૫૭), 'પરિમલ' (૧૯૬૫), 'રટણા' (૧૯૮૩), 'અનામી--ભક્તિ-સુધા' (૧૯૯૦) અને 'આપણી વાત' (૧૯૯૧). આ સંગ્રહોમાં સંકલિત કવિતાના સર્જનના પ્રેરકબળ, તેના વિષય-વસ્તુ-ભાવ-વિચાર, બાની-શૈલી-નિરૂપણ-સ્વરૂપ, ગાંધીયુગીન કવિતાના પરિપ્રેક્ષ્યમાં કવિ અનામીની કવિતાની ગતિવિધિની તપાસ, સંશોધિત નિષ્કર્ષ રૂપેના અનામીના કવિ તરીકેના વિશેષો અને મર્યાદાઓની

સમીક્ષાત્મક આલોચના, તેમની કવિતાનું મહત્ત્વ અને મૂલ્ય તેમજ કવિ અનામીનું અર્વાચીન ગુજરાતી કવિતામાં સ્થાન - આ બધી બાબતોની આ પ્રકરણમાં સદૃષ્ટાંત, વીગતવાર, વિવેચનાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી છે.

કવિતા પછી અનામીની ટૂંકીવાર્તાઓની સમીક્ષા રજૂ કરી છે. તેમાં એમના વાર્તાસર્જન પાછળના પ્રેરકબળ, વાર્તાઓના વસ્તુ--વિચાર, શૈલી-નિરૂપણ, જીવનદર્શન વગેરેનું વિવેચન થયું છે. વાર્તા પછી કવિના એક માત્ર ત્રિ-અંકી નાટક 'ત્રણ વૈશાખી પૂર્ણિમા' ની વિવેચના કરવાનો ઉપક્રમ રાખ્યો છે. તેમાં નાટકના વસ્તુ-નિરૂપણ, પાત્રાલેખન, સંવાદ વગેરેની વીગતે ચર્ચા કરી છે. તે ઉપરાંત, તેની તખ્તાલાયકી અંગે પણ વિચારણા કરી છે.

આમ, બીજા પ્રકરણમાં કવિના સમગ્ર સર્જનાત્મક સાહિત્યનું વિવેચન થયું છે.

<u>પ્રકરણ ત્રણ : સર્જનેતર વાઙ્મય</u>

ત્રીજા પ્રકરણમાં અનામીના સર્જનેતર વાઙ્મયનો - વિવેચન--સંશોધન-સંપાદન, ચરિત્રલેખન, નિબંધ વગેરેનો - તેમજ અગ્રંથસ્થ સાહિત્યનો વીગતવાર પરિચય કરાવાયો છે. તેમનું આ ક્ષેત્રનું પ્રદાન પણ સંખ્યા, સત્વ, વૈવિધ્યની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

અનામીએ કેવું સૈદ્ધાન્તિક અને કૃતિલક્ષી વ્યાવહારિક વિવેચન કર્યું છે તેની તેમજ એમની પાસે કેવી સંશોધનાત્મક દૃષ્ટિ અને સંપાદકીય સૂઝ-સમજ છે તેની આ પ્રકરણના આરંભમાં સપ્રમાણ સવિસ્તાર ચર્ચા કરી છે. તે પછી અનામીની ટાગોર વિષયક ચરિત્રાત્મક કૃતિની અને વિવિધ વિભૂતિઓના શબ્દચિત્રોની સમીક્ષા

કરી છે. અંતમાં, પુસ્તક રૂપમાં પ્રસિધ્ધ એમના દીર્ઘનિબંધોની અને અગ્રંથસ્થ લેખો – ચર્ચાપત્રો વગેરેનું વિવરણ-વિવેચન કર્યું છે.

<u>પ્રકરણ ચાર</u> : <u>ઉપસંહાર</u>

'ઉપસંહાર' નામક આ ચોથા પ્રકરણમાં અનામીની સાહિત્યકાર તરીકેની પ્રતિભાનું સમગ્રદર્શી મૂલ્યાંકન, તેમની વિશેષતાઓ અને મર્યાદાઓ સહિત, દ્યોતક ઉદાહરણો સાથે, સંક્ષેપમાં રજૂ કર્યું છે. અનામીના વ્યક્તિત્વ અને સર્જન પર તે પર્યાપ્ત પ્રકાશ પાડે છે.

પ્રસ્તુત મહાનિબંધમાં આ ચાર પ્રકરણો ઉપરાંત બે પરિશિષ્ટો પણ જોડ્યાં છે. તેમાં અનામીના કવિજીવન-કવનની સાલવારીનો, તેમની પ્રકાશિત કૃતિઓનો અને લેખોની સૂચિનો સમાવેશ કરવામાં આવ્યો છે. અંતમાં, આ મહાનિબંધ માટે ઉપયોગમાં લેવાયેલી સાહિત્યની સંદર્ભસૂચિ પણ જોડી છે.

આ મહાનિબંધ મારા પોતાના અભ્યાસ અને પરિશીલનનું પરિણામ છે, એવું મારું નમ્ર મંતવ્ય છે.

---